सा विद्या या विमुक्तये

# શારદ

વાર્ષિક અંક, જાન્યુઆરી, ૨૦૧૬ – વર્ષ ૩૪, અંક ૨



અન્ડર-૧૬ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ક્વાર્ટર ફાઈનલ મેચમાં હિરામણી શાળા સામે વિજેતા થયેલ આપણી શાળાની ટીમના ખેલાડીઓ (કોચ સાથે)





ડ્રોઈંગ ઇન્ટરમીડીયેટ - એલિમેન્ટ્રી ચિત્ર પરીક્ષા (તારીખ ૧૦, ૧૧,૧૨)





શિશુમંદિર પ્રોજેક્ટ પ્રદર્શન





બાલમંદિરમાં સાયકલની મજા માણતા બાળકો

सा विद्या या विमुक्तये

# શારદ

શારદામંદિર, અમદાવાદ

બીજું સત્ર
જાન્યુ, ૨૦૧૬
વર્ષ ૩૪, અંક ૨

**પ્રેરણાત્મક**

## યુવાનોને માર્ગદર્શન : **સ્વામી વિવેકાનંદ**

સ્વામી વિવેકાનંદના જીવનથી અનેક જીવનો પ્રભાવિત થયાં છે. કોઈએ બરોબર કહ્યું છે કે, જો તમે સ્વામી વિવેકાનંદનું પુસ્તક સૂતાં સૂતાં વાંચતા હશો, તો તમે ઊઠીને બેઠા જ થઈ જશો. જો તમે બેઠા બેઠા વાંચતા હશો, તો ઊઠીને ઊભા જ થઈ જશો અને જો તમે ઊભા થઈને વાંચતા હશો, તો તમે સ્વાભાવિક રીતે કામમાં પરોવાઈ જ જશો. વાચક પોતાના લક્ષ્ય તરફ ચાલ્યો જશે.


સ્વામી વિવેકાનંદના સંદેશનો આ પ્રભાવ છે. જે કોઈ તેમના પ્રત્યક્ષ કે પરોક્ષ સંપર્કમાં આવે છે, તેનું જીવન જ બદલાઈ જાય છે. વર્તમાન સમયમાં યુવાનો સમક્ષ અનેક પડકારો છે, તેમના માટે તેઓ અત્યંત વ્યવહારિક રીતે માર્ગદર્શન આપે છે.

સ્વામી વિવેકાનંદે ભારતની યુવાપેઢીમાં નવું જોમ ભર્યું. યુવાનોની આંતરશક્તિને જગાવી તેમના માટે પ્રેરણાસ્રોત બન્યા તેથી સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિને યુવક દિન (૧૨ જાન્યુઆરી) તરીકે પણ ઊજવવામાં આવે છે.

'મારી ભાવિ યોજના' નામના વ્યાખ્યાનમાં તેમણે કહ્યું, "તમારા જ્ઞાનતંતુઓને મજબૂત બનાવો, આપણને જરૂર છે 'લોખંડી સ્નાયુઓની અને પોલાદી જ્ઞાનતંતુઓની,' તમારા પોતાના પગ ઉપર ઊભા રહો. જો તમારે મદદ કરવી હોય તો તમારી પાસે સૌને માટે લાગણી હોવી જોઈએ, પ્રેમ હોવો જોઈએ. લોકોને મદદ કરવાનો, અમલમાં મૂકી શકાય એવો માર્ગ તમારે શોધી કાઢવો જોઈએ -માત્ર વાતો કરવાથી કશું ન વળે. તમારી પાસે દ્રઢ ઈચ્છાશક્તિ હોવી જોઈએ. ભલે, આખું જગત તમારાથી વિરુદ્ધ હોય તો પણ તમને જે સાચું લાગે તેનો અમલ કરવાની હિંમત હોવી જોઈએ:

જાગો ! ઊઠો ! ઊભા થાઓ ! બીજાનું કલ્યાણ કરવા માટે તો, કટાઈ જવા કરતાં ઘસાઈ જવું એ વધારે સારું છે."

જો ભારતના યુવાનો સ્વામીવિવેકાનંદના સંદેશાઓ પોતાના જીવનમાં ઉતારે, તો ભારતને વિશ્વમાં અગ્રણી બનવામાં વાર લાગશે નહીં.



**વીરતાપૂર્વક આગળ વધો, એક દિવસ કે એક વર્ષમાં સફળતાની આશા રાખશો નહીં. હંમેશા સર્વોચ્ચ વસ્તુને વળગી રહો.**

**– સ્વામી વિવેકાનંદ**

### આ અંકમાં


| | |
|---|---|
| પ્રેરણાત્મક | ૧ |
| નિબંધ | ૨ |
| વક્તૃત્વ | ૪ |
| પ્રવૃત્તિઓ | ૫ |
| Activities | ૧૧ |
| અહેવાલ : સ્થાપના દિન | ૧૩ |
| અહેવાલ : બેંકની મુલાકાત | ૧૪ |
| આર્કાઈવ્ઝમાંથી | ૧૫ |
| મારા સંસ્મરણો | ૧૬ |

નિબંધ

# ડૉ. બાબાસાહેબ આંબેડકરનું વિદ્યાર્થીજીવન

**નોંધ :** ડિસ્ટ્રીક્ટ એજ્યુકેશન ઓફિસ દ્વારા આયોજિત નિબંધસ્પર્ધામાં **યજસી ઉપાધ્યાય** (ધો.૭) પ્રથમ વિજેતા જાહેર થઈ હતી.



**યજસી ઉપાધ્યાય**
**(મૉડર્ન સ્કૂલ, ધો.૭ ઈ)**

ડૉ.બાબાસાહેબ ભારતીય શિક્ષણ અને સામાજિક સ્તરે એક ગુંજતું નામ છે કે જેનાથી સમાજની દરેકે દરેક વ્યક્તિ સારી રીતે પરિચિત છે. તેઓ સમગ્ર જીવનકાળ દરમ્યાન મહદંશે જ્ઞાન અને શિક્ષણ સાથે જોડાયેલા રહ્યા. જીવનના કંઈ કેટલાંય ઉતાર – ચઢાવ જોયેલ વ્યક્તિ તેમના જ્ઞાનની ભૂખ સંતોષવા અથાગ પ્રયત્નો પછી કેટલીક વિશાળ શૈક્ષણિક કારકિર્દી બનાવી શકે છે, તેનું વિરલ, પ્રેરક ઉદાહરણ એટલે આપણા ડૉ. ભીમરાવ રામજી આંબેડકર!

બાબાસાહેબ આંબેડકરનો જન્મ તારીખ ૧૪, એપ્રિલ ૧૮૯૧માં મધ્ય પ્રદેશમાં મહુ ગામમાં થયો. તેમના પિતા રામજી અને માતા ભીમાબાઈ એક અછૂત કુટુંબના સભ્યો હતા. કુલ ચૌદ ભાઈ-બહેનોમાં સૌથી નાના હતા, ભીમરાવ.

ભીમરાવનું પ્રાથમિક શિક્ષણ તેમના વર્ગશિક્ષકનો પ્રેમ અને સહાનુભૂતિથી વધુ પ્રોત્સાહિત બન્યું. તેઓ અંબાવાડે ગામના વતની હોવાથી પિતાજીએ તેમનું નામ ભીમરાવ અંબાવાડેકર લખાવ્યું. પણ વર્ગશિક્ષકની ચાહના અને પ્રેમને લીધે તેઓએ ભીમરાવના નામની પાછળ આંબેડકર અટક લખીને પોતાને એક નવી જ ઓળખ આપી. આર્થિક સંકડામણ અને અસ્પૃશ્યતાના દૂષણને સહન કરતા કરતા તેમણે ખૂબ તકલીફોમાં પ્રાથમિક શિક્ષણ પૂરું કર્યું.

ભીમરાવની શિક્ષણ પ્રત્યેની લગન અને મહેનત જોઈને પિતાએ તેમને હાઈસ્કૂલનું શિક્ષણ મુંબઈની એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલમાં અપાવ્યું. ૧૯૦૭માં મેટ્રિકની પરીક્ષા પાસ કરીને કૉલેજ શિક્ષણ માટે વડોદરાના રાજા સયાજીરાવ ગાયકવાડની સ્કૉલરશીપની સહાયથી એલ્ફિન્સ્ટન કૉલેજમાં એડમિશન લીધું.

બાબાસાહેબની શૈક્ષણિક પરિપક્વતા તેમના એક વાક્ય દ્વારા છતી થાય છે. તેઓ કહેતા કેઃ ''મારા ઉપાસ્ય દેવ છે, વિદ્યા, વિનય, સ્વાભિમાન અને શીલ.'' પરંતુ મુંબઈ સ્ટેડિયમમાં આપેલા પ્રવચનમાં તેમણે કહ્યું, કેઃ ''વિદ્યા વિના માણસને શાંતિ ન મળે કે માણસાઈ પણ ન મળે.'' માણસના જીવનમાં જેટલી અન્ન-જળની આવશ્યકતા છે, તેટલી જ આવશ્યકતા શિક્ષણની પણ છે.

બાબાસાહેબે અંગ્રેજી મુખ્ય વિષય સાથે બી.એ.ની પરીક્ષા પસાર કરી. પિતાની સામાજિક જવાબદારીઓ અને આર્થિક ભારણને પરિણામે આગળનું શિક્ષણ શક્ય ન બનતાં તેમણે એક લશ્કરી અધિકારી તરીકે નોકરી સ્વીકારી. આ સમય દરમ્યાન પિતાનું અવસાન થતાં તેઓ સામાજિક આભડછેટને કારણે ખૂબ હેરાન થયા. આ જ સમયે મહારાજા સયાજીરાવ ગાયકવાડે શિક્ષાદાનના આશયથી અછૂત તેજસ્વી વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે અમેરિકા મોકલવાનો નિર્ણય કર્યો, જેમાં ઉચ્ચ પસંદગી પામેલા બાબાસાહેબે કોલંબીયા યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવ્યો. ભીમરાવે ખંતપૂર્વક મહેનત કરીને 'પ્રાચીન ભારતીય વ્યાપાર' વિષય પર મહાનિબંધ લખીને ૧૯૧૫માં એમ.એ.ની ઉચ્ચ પદવી પ્રાપ્ત કરી, આ અનુભવ પરથી તેઓ ગૌરવથી કહેતા કેઃ

''શિક્ષણ એ પ્રત્યેક વ્યક્તિનો જન્મસિદ્ધ અધિકાર છે. ગરીબી કે અન્ય બીજી કોઈ બાબત, કોઈ ભારતીય નાગરિકના શિક્ષણના માર્ગમાં કદાપિ બાધક ન બનવી જોઈએ.''

આ પછી પણ તેમની જ્ઞાનની ક્ષુધા હજીયે અતૃપ્ત હતી. બાબાસાહેબે 'બ્રિટીશ ભારતમાં મુલ્કી અર્થવ્યવસ્થાનો વિકાસ' વિષય પર લખેલ મહાનિબંધને કોલંબીયા યુનિવર્સિટીએ માન્ય રાખીને સર્વોચ્ચ પી.એચ.ડી.ની ડીગ્રી એનાયત કરી અને આપણા બાબાસાહેબ બની ગયા, ડૉ.ભીમરાવ આંબેડકર!

અહીંથી હજીયે તેમની અતૃપ્ત જ્ઞાનપિપાસા ડૉ.આંબેડકરને અમેરિકાથી ઈંગ્લેન્ડ દોરી ગઈ. ત્યાં તેમણે એકસાથે, કાયદાનો અને અર્થશાસ્ત્રનો અભ્યાસ શરૂ કર્યો પણ આર્થિક અને કૌટુંબિક મુશ્કેલીઓને લીધે અભ્યાસ છોડીને તેમને વતન પરત આવવું

પડ્યું. વડોદરામાં નોકરી દરમિયાન અસ્પૃશ્યતા અને અપમાનોના ઘુંટડા ગળતાંતેમણે વડોદરાની વિદાય લઈ લીધી.

'હિંમતે મર્દા તો મદદે ખુદા,' પંક્તિની જેમ ડૉ.આંબેડકરે બિલકુલ નાસીપાસ થયા વગર પ્રયત્નો ચાલુ રાખ્યા અને મુંબઈની સિડનહામ કૉલેજમાં તેઓ પ્રોફેસર તરીકે જોડાયા. શિક્ષણના માહોલમાં રહીને આર્થિક સંકડામણ ઓછી તો કરી પણ આ વિદ્યાર્થીજીવ એમ નોકરી કરીને સંતોષ થોડો માને! ફરીથી ઈંગલેન્ડ જઈ, અધૂરો મૂકેલો કાયદાનો અને અર્થશાસ્ત્રનો અભ્યાસ શરૂ કર્યો. તેઓ ઈ.સ.૧૯૨૩માં બેરિસ્ટર બન્યા. તેમજ મહાનિબંધ 'રૂપિયાનો પ્રશ્ન' વિષય પર લંડન યુનિવર્સિટીએ તેમને 'ડૉક્ટર ઑફ સાયન્સ'ની ઉચ્ચ ડિગ્રી એનાયત કરી.

અહીં તેમનું એક વાક્ય ખાસ ધ્યાન ખેંચે છેઃ સંજોગો કે વ્યવહારો એ ખૂંચવી લીધેલા આપણા અધિકારો માત્ર વિનંતીઓ કે પ્રાર્થનાથી પ્રાપ્ત થશે નહીં, તે તો જબરદસ્ત અવિરત સંઘર્ષથી જ પ્રાપ્ત થાય છે. આથી આપણે સંઘર્ષ સતત ચાલુ જ રાખવો જોઈએ.

ઈંગલેન્ડનો અભ્યાસ પૂરો કરીને તેમણે જર્મનીની બીન યુનિવર્સિટીમાં વિદ્યાભ્યાસ શરૂ કર્યો. ફરીથી અહીં પણ સંજોગોએ તેમની કસોટી કરતાં, વિચલિત થઈને તેમણે ભારત પરત ફરવું પડ્યું. પછી તેઓ મુંબઈની સરકારી લૉ કૉલેજમાં પ્રોફેસર તરીકે જોડાયા. કાયદાના નિપુણ હોવાથી વિદ્યાર્થીઓમાં ખૂબ જ લોકપ્રિય થયા. આટલું ઉજ્જવળ પ્રેરણાદાયી વિદ્યાર્થીજીવન પસાર કરેલ ડૉ.બાબાસાહેબ ભીમરાવ આંબેડકરે અહીંથી તેમની કારકિર્દીને સમાજસેવા તથા દેશભક્તિ તરફ ઢાળી અને સ્ત્રીઓ, મજૂરો અને સમાજના તિરસ્કૃત વ્યક્તિઓના ઉત્થાનમાં ઓતપ્રોત બની ગયા. તેમણે આવા વ્યક્તિઓને કહ્યુંઃ

"દલિતોની દયનીયતા કોઈ ઈશ્વર કે ચમત્કારી દેવ-દેવીની પૂજાથી દૂર થઈ શકશે નહીં. તેમની મુક્તિ રાજનૈતિક, સામાજિક શક્તિમાં સમાયેલી છે — પૂજાપાઠ કે શનિ-મંગળના ઉપવાસમાં નહીં."

અર્થાત માણસનું કર્મ જ સૌથી મોટો ભગવાન છે. માત્ર આસ્થા કે આસક્તિ સફળ જીવનનો પર્યાય ક્યારેય ન બની શકે.

## શાળાનું ગૌરવ

### અંડર-૧૬ મલ્ટિ-ડે ચેમ્પિયનશિપમાં ધગશ જાનીની ત્રેવડી સદી



શારદામંદિર વિનયમંદિરનો વિદ્યાર્થી ધગશ જાનીએ સીબીસીએ ટૂર્નામેન્ટ અંતર્ગત ચાલી રહેલી અંડર-૧૬ ધીરૂભાઈ અંબાણી સ્કૂલ ટુર્નામેન્ટ (મલ્ટિ-ડે)માં સિટી હાઈસ્કૂલ (સારંગપુર) સામે અણનમ ૩૦૦ રન કર્યા.

એક ઇનિંગ અને ૩૭૮ રને પરાજય આપ્યો હતો. સીબીસીએ અંતર્ગત રમાતી ટૂર્નામેન્ટમાં માત્ર બીજી વખત ત્રેવડી સદી નોંધાઈ છે. આ મેચમાં સિટી હાઈસ્કૂલના ૧૧૮ રનના જવાબમાં શારદામંદિર વિનયમંદિરની ટીમે ધગશના અણનમ ૩૦૦ રન, ભાવેશ યાદવના ૮૦ રન, વિભેશ સોલંકીના ૫૨ રન અને શિવમ બ્રહ્મભટ્ટના ૫૦ રનની મદદથી નવ વિકેટે ૬૬૪ રન બનાવી દાવ ડિક્લેર કર્યો હતો. પ્રથમ દાવને આધારે શારદામંદિર વિનયમંદિરને ૫૪૬ રનની જંગી લીડ મળી હતી.



### હાડા ખંજન નિરવસિંહ

**(ધો. ૭, શારદામંદિર શિશુમંદિર)**

રોલર સ્કેટીંગ ફેડરેશન ઑફ ઈન્ડિયા આયોજિત રોલર સ્કેટીંગ હરીફાઈમાં સ્ટેટ લેવલે ત્રણેય રેસમાં પ્રથમ આવવા બદલ મેડલ અને ટ્રોફી મેળવી છે.

### એડવાન્સ ટેક્કુડો માર્શીઅલ આર્ટસ શારદામંદિર વિનયમંદિરને પ્રથમ ઈનામ મળ્યું.

એડવાન્સ ટેક્કુડો માર્શીઅલ આર્ટસ દ્વારા યોજાયેલી આઠમી સ્ટેટ લેવલ કરાટે ચેમ્પીયનશીપ-૨૦૧૫માં શારદામંદિર વિનયમંદિરના **દીપ ડી. કાપડિયા (ધો.૧૨-બ)**ને અન્ડર-૧૫/૧૬ ઈયર્સ-બોયઝ-કેટેગરીમાં પ્રથમ ઈનામ મળ્યું.

**વક્તૃત્વ**

# સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત

**નોંધ :** રોટરી ક્લબ ઑફ પ્રહલાદનગર આયોજિત વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમસ્થાન મેળવનાર **વાદન શાહ** (ધો. ૭)નું વક્તવ્ય ઘણું પ્રશંસાપાત્ર હતું.



**શાહ વાદન હિતેશભાઈ**

**"સ્વચ્છ ભારત કા ઈરાદા, ઈરાદા કર લિયા હમને**
**દેશ સે અપને વાદા, યે વાદા કર લિયા.. "**

આજે આપણી માતૃભૂમિ ગંદકીની ગુલામીમાં કેદ થઈ ગઈ છે. પૂ.બાપુનું સ્વચ્છ ભારતનું સ્વપ્ન સાકાર કરવા શ્રી નરેન્દ્ર મોદીએ આખા દેશને હાકલ કરી છે.

આપણા દેશનાં તહેવારપ્રિય લોકો તહેવારને મન મૂકીને માણે છે પરંતુ પછી શું થાય છે, તે કોઈ વિચારે છે?

**"પ્રકૃતિ અને પર્યાવરણનું સન્માન**
**એ જ ઉત્સવની આગવી શાન."**

ઉત્તરાયણ, હોળી-ધૂળેટી કે દિવાળી પછી ઠેર ઠેર ગંદકીનું સામ્રાજ્ય જોવા મળે છે. આપણે ત્યાં લોકો ખુલ્લામાં શૌચ કરે છે, જેથી રોગના ભોગ બનાય છે. લોકો ગમે ત્યાં પાનની પિચકારી મારે છે, માટે ભગવાનની તસ્વીર મૂકવી પડે છે. અંધશ્રદ્ધામાં રાચતો નાગરિક પવિત્ર નદીમાતાને પણ દૂષિત કરે છે. પુલ ઉપર ગાડી ઊભી રાખીને નાળિયેર અને પુજાપો પધરાવાય છે. નદીમાં મૂર્તિનું વિસર્જન કરે છે. જો ભણેલા માણસની પણ આવી માનસિકતા રહેશે, તો ભારત કેવી રીતે સ્વચ્છ રહેશે? તીર્થસ્થળને પણ પર્યટનસ્થળ બનાવીને ગંદા બનાવી દીધા છે. જ્યારે અંધશ્રદ્ધા વધી જાય છે, ત્યારે સ્વચ્છતા હારી જાય છે. માટે મનમાંથી અંધશ્રદ્ધાની ગંદકી દૂર થશે, તો જ સ્વસ્થ સમાજનું સર્જન થશે.

દેશને દૂષિત કરીને પછી સ્વચ્છતાનું અભિયાન ચલાવવામાં આવે છે. આપણી ધાર્મિક કે સામાજિક ઉજવણીનો વાંધો નથી પરંતુ સ્વચ્છતાના ભોગે કોઈ ઉજવણી હોઈ ન શકે. આપણી આ ધાર્મિકવૃત્તિ, વિશ્વાસ, ઉત્સાહ, નાણાં અને સમય, જો યોગ્ય માર્ગે વાળીશું, તો જ સ્વસ્થ સમાજનું સર્જન કરી શકીશું.

ભગવાને તો સુંદર સૃષ્ટિનું સર્જન કર્યું હતું પણ આપણે જ તેને રહેવાલાયક રાખી નથી. તેથી જો આપણે બદલાઈશું, તો સમાજ જાગશે.

**"જન જાગશે તો જગ જાગશે!"**

રોજ સવારે પુષ્પોને પ્રભુ ઝાકળથી ધુએ છે કારણ કે રજમાત્ર મલિનતા તો એને પણ સ્વીકાર્ય નથી. જ્યાં સ્વચ્છતા હશે, ત્યાં સકારાત્મક ઊર્જા આવશે.

સ્વસ્થ રહેવા માટે ચોખ્ખી હવા, પાણી અને ખોરાકની જરૂર છે. પર્યાવરણને શુદ્ધ કરવા આપણે વૃક્ષો વાવીને દેશને લીલા રંગે રંગી દેવાનો છે. સ્વસ્થ રહેવા શુદ્ધ અને સાત્વિક આહારને બદલે જંતુનાશક દવાયુક્ત પીણાં, ભેળસેળિયા નાસ્તા, પિઝા ને પાસ્તાએ તો આજના યુવાવર્ગને ખોખલો બનાવી દીધો છે.

સ્વચ્છતા ફક્ત શરીર કે વસ્તુ પૂરતી જ મર્યાદિત ન રાખતા, મનને પણ શુદ્ધ કરવું પડશે. કામ-ક્રોધ, મોહ-માયા, રાગ-દ્વેષ, ચોરી-હિંસા વગેરે મનની મલિનતા છે. દેશના દૂષણો, બેકારી, મોંઘવારી, ભ્રષ્ટાચાર, કોમવાદ, ત્રાસવાદ, દહેજ, બળાત્કાર વગેરે સામાજિક ગંદકીને દૂર કરીને સમાજને સ્વચ્છ બનાવવાનો છે.

"કામ અપના બનતા તો ભાડ મેં જાય જનતા," આ રાજકારણીઓનું સૂત્ર રાજકારણની ગંદકી બતાવે છે.

પરંતુ હવે જાગવાનો સમય થઈ ગયો છે. સ્વચ્છતાનો ઉજાસ ફેલાવીને આપણે આપણા કુટુંબનું, સમાજનું અને રાષ્ટ્રનું જીવન નવપલ્લવિત કરીને સ્વસ્થ સમાજનું સર્જન કરવાનું છે.

**- હમ સબકા એક હી નારા, સાફ સુથરા હો દેશ હમારા.**

**- સાફ સફાઈ સબકો ભાતી, સાથ સાથ ખુશહાલી લાતી.**

**- સભી રોગોં કી એક દવાઈ, ઘર મેં રખો સાફ સફાઈ.**

**- સ્વચ્છ હોય તન અને મન, તો ધન્ય થાય જીવન.**

# પ્રવૃત્તિઓ

- તા.૨૧-૮-૧૫ને શુક્રવારે શાળાના બાલમંદિરમાં સ્થાપનાદિનની ઉજવણી કરવામાં આવી, જેમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો. મહેમાન તરીકે શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થિની શ્રી રૂપલબહેન મહેતાએ બાલપૂજન કર્યું.
- ગૌરીવ્રત નિમિત્તે સૂકામેવાની ઓળખ આપી અને જવારાની વાવણી કરાવી. બાળકીઓને જવારા માથે મૂકીને 'ગોરમાનો વર કેસરિયો'ગાવાની મજા પડી.
- રથયાત્રાના પર્વ નિમિત્તે ભગવાન જગન્નાથ નગરયાત્રાએ નીકળી, દરેકને દર્શન આપે છે, એ વાર્તા દ્વારા બાળકોને રથયાત્રાના પર્વની સમજ આપી.
- ગુરુપૂર્ણિમા નિમિત્તે ગુરુનું મહત્ત્વ સમજાવી, સ્વામીનારાયણ સંપ્રદાયે બહાર પાડેલી શિક્ષાપત્રી અંગે બાળકોને સમજ આપી.

## શિક્ષાપત્રી એટલે શું

શિક્ષાપત્રી એટલે 'મનુષ્યોને પોતાનું જીવન કેવી રીતે જીવવું તેનું માર્ગદર્શન આપતી માર્ગદર્શિકા.'
શિક્ષાપત્રીના એક શ્લોકમાં આજ્ઞા છે કે, 'કોઇનો ક્યારેય વિશ્વાસઘાત ન કરવો કારણ કે જે વિશ્વાસ આપીને બીજાને દુઃખી કરે તે તો મહાપાપી છે.'

વાર્તા : શિક્ષાપત્રીમાંથી
એક આરબની પાસે સુંદર મજાનો પાણીદાર ઘોડો હતો.
એક ચોરને એ ઘોડો લઇ લેવાની ઇચ્છા જાગી અને એણે તે આરબને કહ્યું, "હું તને આ ઘોડાને બદલે ઊંટ આપું, પણ મને આ ઘોડો આપી દે." પરંતુ આરબે ઘોડો આપવાની સ્પષ્ટ ના કહી.
ચોરને થયું કે આમ સીધી રીતે ઘોડો મળવાની કોઇ શક્યતા નથી અને મારે તો ઘોડો જોઇએ જ છે, તો લાવ કંઇક યુક્તિ જ કરું. પછી તે આરબ જ્યારે માર્ગમાં જતો હતો ત્યારે ચોરે એક રોગી ફકીરનો વેશ પહેર્યો અને તે આરબની પ્રતિક્ષા કરવા લાગ્યો. આરબને આવતો જોઇને ફકીરના વેશમાં રહેલા ચોરે બૂમો મારવા માંડી, "કોઇ દયા કરો - હું રોગી છું, અશક્ત છું, મારાથી ચલાતું નથી, મને કોઇ સામે ગામ પહોંચાડવાની મહેરબાની કરો.."
ૡ આ સાંભળીને આરબને દયા આવી અને તેણે કહ્યું, "જો આ ઘોડા પર હું તને સામે ગામ પહોચાડીશ." આમ કહી તેણે ફકીરને, એટલે કે ચોરને ઘોડા પર બેસાડયો અને આરબ પોતે નીચે ઉતરીને ઘોડા સાથે ચાલવા લાગ્યો. આગળ ગયા પછી ચોરે તો ટટ્ટાર બેસીને ઘોડાને દોડાવી મૂક્યો. તેથી તરત પાછળ પેલા આરબે બૂમ મારી, "જો ભાઇ, આ ઘોડો તું જ લઇ જા. એ હવે તારો, એની સારસંભાળ તું બરાબર લેજે. પરંતુ આવી રીતે દગો કરીને, ધોખો દઇને, વિશ્વાસઘાત કરીને ઘોડો પડાવી લીધાની વાતથી લોકોનો ગરીબ પરનો, દુઃખી પરનો, સાધુ-સંત-ફકીર પરનો વિશ્વાસ જ ઊઠી જશે અને જરૂરિયાતવાળાને પણ કોઇ મદદ નહીં કરે." આ સાંભળીને ચોરે ક્ષમા માંગીને આરબને ઘોડો પાછો આપ્યો

**.આપણી ભારતીય સંસ્કૃતિના દરેક શાસ્ત્રોમાં વિશ્વાસઘાતને મોટું પાપ ગણવામાં આવ્યું છે.**

- રક્ષાબંધન પર્વ નિમિત્તે બલીરાજાની વાર્તા કહી, બાળકોને રાખડી બાંધી, મોં મીઠું કરાવ્યું.
- જન્માષ્ટમી પર્વ નિમિત્તે વાર્તા દ્વારા સમજ આપી. કંસનો દરબાર, મટકીફોડ, શંકરદર્શન, નાગદમન, રાસલીલા જેવા પ્રસંગોને વણી લઈ સુંદર કાર્યક્રમ કર્યો. બાળકૃષ્ણ બનેલા દેવશ્રીબહેને બાલગોપાલના દર્શન કરાવ્યા.
- મહાવીર જયંતી નિમિત્તે માતા ત્રિશલાને આવેલા સ્વપ્નની સમજ આપી. ધૂન, પારણું, આરતી કરાવ્યાં.
- જલારામ મંદિર સ્થાનિક પ્રવાસ યોજવામાં આવ્યો, જેમાં પારણે ઝૂલતા ભગવાન કૃષ્ણને જોવાની બાળકોને ખૂબ મજા આવી.

- બાગાયતના પાઠ દ્વારા બાગકામમાં વપરાતા દરેક સાધનની ઓળખ આપી. મેથીની વાવણી કરાવી. રોજ મેથીમાં પાણી નાંખી, ઉગતી મેથીને નિહાળવાની ખૂબ મજા આવી. પછી એ જ મેથીમાંથી બનાવેલ ગોટા ખાવામાં બાળકોને ખૂબ આનંદ થયો.
- ગણેશ ચતુર્થી નિમિત્તે ગણેશજીની વાજતેગાજતે સ્થાપના કરી. બાળકોને ગણેશ વિસર્જન કરવાની સમજ આપી અને તેમણે આરતી, ધૂન ગાઈને પ્રસાદ ખાવાની મજા માણી.
- બીજી ઓક્ટોબરે ગાંધીજયંતિ નિમિત્તે ગાંધીજીને વ્હાલા ત્રણ વાંદરા શું સમજાવે છે, તેની સમજ આપી. બાળકોને વ્હાલા ગાંધીબાપુની સાચી ઓળખ કરાવી.



(શિશુમંદિર : એકાગ્રતા વિશે ચિંતન વ્યાખ્યાન)

- ત્રણે વાંદરા નૈતિકતાની શીખ આપે છે, **''ખોટું ન બોલો, ખોટું ન સાંભળો, ખોટું ન જુઓ.''**
- નવરાત્રિ પર્વની ઉજવણીમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો. રાસ, હીંચ, માંડવી જેવા દરેક ગરબા ખૂબ તાલ સાથે કરી દરેકના મન મોહી લીધા.
- દિવાળી પર્વ નિમિત્તે વર્ગસફાઈ, તોરણ, રંગોળી, દિવાળીકાર્ડ કરાવી, ઘરે આવતા મહેમાનનું સ્વાગત કેવી રીતે કરવું, એની સમજ પ્રત્યક્ષ પાઠ દ્વારા આપી. ફટાકડા ફોડતા સાવચેતી રાખવા અંગે સમજ આપી. માટીકામ, ગડીકામ, સીવણ, ચિત્રકામ, બાગકામ જેવી પ્રવૃત્તિમાં બાળકોને ખૂબ મજા આવી.
- 'નોકર જોઈએ છે' પપેટમાં ગાજર ખાતા સસલાભાઈને જોઈ બાળકો આનંદમાં આવી ગયા.
- ટી.વી.ના માધ્યમ દ્વારા પંચતંત્રની બાળવાર્તા નિહાળવાની મજા માણી.
- શિયાળાની શરૂઆત થતા જ, ગુલાબી ઠંડીમાં સમૂહ કસરતનું આયોજન કરવામાં આવ્યું.
- 'ભૂંડી ઉંદરડી' પપેટ દ્વારા બાળકોને સ્વચ્છતાનો ખ્યાલ આપવામાં આવ્યો. વાંદરો અને મગર પપેટ નિહાળવાની મજા માણી.
- બકરી અને વરૂ – બતાવવામાં આવ્યું.
- અહીં અપાતો ગરમ અને પૌષ્ટિક નાસ્તો ખાવાની બાળકોને ખૂબ મજા આવે છે. બાળકો સરસ રીતે બધું જ ખાતા શીખે છે.
- નાતાલના પર્વ નિમિત્તે નાના ભૂલકાઓએ સાન્તાક્લૉઝ બની બાળકોને ગીફ્ટ વહેંચવાની મજા માણી. લેડી સાન્તાક્લૉઝ શ્રીમતી હર્ષાબહેન પ્રજાપતિએ બાળકો સાથે ખ્રિસ્તીઓનો આ તહેવાર મન ભરીને માણ્યો અને બાળકોને ગીફ્ટ આપી.
- લૉ-ગાર્ડન પ્રવાસમાં બાળકોએ ખૂબ મજા કરી. હરિયાળા ગાર્ડનમાં બાળકો મુક્ત રીતે રમ્યા.
- શાળામાં રેસીંગ કાર, સાયકલ, બોલ-બેટ જેવા સાધનો રમવાની બાળકોને ખૂબ મજા આવે છે.
- બીજા સત્રમાં આવેલા નાના બાલવાડીના ભૂલકાઓ પણ અહીંના પ્રેમાળ વાતાવરણમાં સરસ રીતે ગોઠવાઈ ગયા છે. મુક્ત વ્યવસાય, જીવન વ્યવહાર, ઈન્દ્રિય શિક્ષણ, વિવિધ રમકડાં જેવી પ્રવૃત્તિ સરસ રીતે કરતા થઈ ગયા છે.



(બાલમંદિરના વિદ્યાર્થી દ્વારા નાતાલની ઉજવણી)



(શિશુમંદિરના વિદ્યાર્થી દ્વારા પ્રોજેક્ટ પ્રદર્શન)

**(૧) તા.૮-૭-૧૫**

**વર્ષાના વધામણા** (ગીતો)

**અંગ્રેજી નાટક** (મેથી પકોડા – બાલસભામાં)

**(૨) શ્લોકપઠન તા.૧૦-૭-૧૫**

ધો.૩ થી ૮ શ્રીમદ ભગવદ્‌ગીતા – અધ્યાય ૧૫ પુરુષોત્તમ યોગ

**(૩) તા.૩૧-૭-૧૫ ગુરુપૂર્ણિમા – ગુરુપૂજન**

**નાટક :** એકલવ્ય, કૃષ્ણ-અર્જુન, કૃષ્ણ-સુદામા સાંદિપની ઋષિના આશ્રમમાં, પક્ષીની આંખ વીંધવી, બાળ લિંકનના જીવનપ્રસંગો, સંસ્કૃત નાટક (૭ બ) ગુરુભક્ત ઉપમન્યુ

**(૪) મહેંદી સ્પર્ધા (તા.૧-૮-૧૫)**

પ્રથમ : **ચૌહાણ ખુશી પ્રિતેશભાઈ**, ધો.૮ અ (ગંગોત્રી)

દ્વિતીય : **શેલાર આસ્થા યોગેશભાઈ**, ધો.૬ અ (રત્નદીપ) **ત્રિવેદી દિશા હેતલભાઈ**, ધો.૮ અ (ગંગોત્રી)

તૃતીય : **પટેલ પ્રિયાંશી રમેશભાઈ**, ધો.૮ અ (ધવલગિરિ) **મકવાણા દિવ્યા ભરતભાઈ**, ધો.૭ બ (ધવલગિરિ)

**(૫) તા.૧૨-૮-૧૫**

RSS સંઘ તરફથી વ્યસનમુક્તિ વિષય પર સેમિનાર (ધો.૮)

**(૬) તા.૧૪-૮-૧૫**

સ્વાતંત્ર્યદિન નિમિત્તે દેશભક્તિ ગીતોનો કાર્યક્રમ

**(૭) ધ્વજવંદન, તા.૧૫-૮-૧૫**

૧૫મી ઑગસ્ટના રોજ સવારે ૮.૩૦ વાગે શાળામાં ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. શાળામાંથી રિટાયર થતા પટાવાળા **શ્રી કનુભાઈ પ્રજાપતિ**ના હાથે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ઝંડાગીત અને રાષ્ટ્રગીત ગાઈને ધ્વજને સૌ શિક્ષકમિત્રો તથા વિદ્યાર્થીઓએ સલામી આપી.

**(૮) તા.૨૨-૮-૧૫ શાળાનો ૯૨ મો સ્થાપનાદિન**

ઉજવણી : **બાળરથી, કૂચ**

મહેમાન : **શ્રી આરતીબહેન** **શ્રી અમરભાઈ ભટ્ટ** **શ્રી સૂર્યકાન્તભાઈ પટેલ**
**શ્રી ઉદયનભાઈ શાહ** **શ્રી ઉર્મિલાબહેન શાહ**

આ ઉજવણીના અહેવાલનો આ અંકમાં સમાવેશ થયેલો છે.

**(૯) અખિલ હિંદ મહિલા પરિષદ નિબંધ સ્પર્ધા (તા.૨૨-૮-૧૫)**

દ્વિતીય : **ઓઝા નૈશા ભૂષણભાઈ** (ધો.૫)

તૃતીય : **શેલાર આસ્થા યોગેશભાઈ** (ધો.૬)

દ્વિતીય : **લુણાગરીયા કુલદીપ ચંદ્રેશભાઈ** (ધો.૭) તૃતીય : **શાહ વાદન હિતેશભાઈ** (ધો.૭)

**(૧૦) કૂડો ચેમ્પિયનશીપ-૨૦૧૫ (તા.૨૩-૮-૧૫ )**

૪થો ગુજરાત રાજ્ય કૂડો ચેમ્પિયનશીપ-૨૦૧૫માં **રાવલ કૃપા અમરીષકુમાર** (ધો.૮ અ) બહેનોમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો.

**(૧૧) રાખડી સ્પર્ધા (તા.૩૧-૮-૧૫)**

પ્રથમ : **વોરા ધ્રુવી સુનીલભાઈ**, ધો.૭ બ (ગંગોત્રી)
દ્વિતીય : **શાહ તનુજ રાકેશભાઈ**, ધો.૮ બ (ધવલગિરિ)
તૃતીય : **મોદી આયુષી સ્નેહલભાઈ**, ધો.૭ બ (ગંગોત્રી)
**કુકડિયા વૃષિકા નેહલભાઈ**, ધો.૮ બ (મેઘનાદ)

**(૧૨) પરીક્ષા : તા.૨૬-૭-૧૫ — પરિણામ : તા. ૨-૯-૧૫**

ભારત કો જાનો – **પ્રશ્નમંચ ૨૦૧૫**

શાળામાં પ્રથમ : **વ્યાસ માહિ ફાલ્ગુનભાઈ**, ધો.૭ અ
દ્વિતીય : **મહેરિયા સિદ્ધાર્થ જિતેન્દ્રભાઈ**, ધો.૮ અ

**(૧૩) પારણા સ્પર્ધા (તા.૨-૯-૧૫)**

પ્રથમ : **શાહ તનુજ રાકેશભાઈ**, ધો.૮ બ (ધવલગિરિ)

દ્વિતીય : **ચુડાસમા દ્વિજા પ્રવીણસિંહ**, ધો.૮ બ (રત્નદીપ)
**શાહ વ્રજ કમલેશભાઈ**, ધો.૬ અ (ધવલગિરિ)

તૃતીય : **રાવલ કૃપા અમરીષકુમાર**, ધો.૮ અ (મેઘનાદ)

**(૧૪) પંચાજીરી સ્પર્ધા (તા.૩-૯-૧૫)** (સ્વાદ)

પ્રથમ : **ચુડાસમા દ્વિજા પ્રવીણસિંહ**, ધો.૮ બ (રત્નદીપ)

દ્વિતીય : **દોશી જાનવી પ્રિતેશભાઈ**, ધો.૮ અ (ધવલગિરિ)
**શાહ ધૈર્ય સચીનભાઈ**, ધો.૫ અ (મેઘનાદ)

તૃતીય : **કાજીવાલા યુવરાજ વિજયભાઈ**, ધો.૫ અ (ગંગોત્રી)

**પંચાજીરી (ડેકોરેશન)**

પ્રથમ : **શાહ વ્રજ કમલેશભાઈ**, ધો.૬ અ (ધવલગિરિ)

દ્વિતીય : **દોશી જાનવી પ્રિતેશભાઈ**, ધો.૮ અ (ધવલગિરિ)
**રાજદેવ વૈષ્ણવી અમરિષભાઈ**, ધો.૬ અ (રત્નદીપ)

તૃતીય : **જોષી દેવાંશી દીપકભાઈ**, ધો.૮ બ (ગંગોત્રી)
**ચુડાસ્મા દ્વિજા પ્રવીણસિંહ**, ધો.૮ બ (રત્નદીપ)

**(૧૫) કૃષ્ણજન્મની ઉજવણી (તા.૪-૯-૧૫)**

શાળાના ત્રણે વિભાગોમાં કૃષ્ણજન્મની ઉજવણી ખૂબ સુંદર થઈ. કૃષ્ણજન્મના ગીતો, તેમના જીવનના પ્રસંગો, મટકીફોડનો પ્રસંગ, વગેરે ખૂબ સુંદર રીતે ભજવાયા.

**ભગવદગીતા શ્લોક –(ચિન્મય મિશન)** નિર્ણાયક: શ્રી પ્રવીણાબહેન વી.બુદ્ધદેવ

પ્રથમ : **વ્યાસ કૃષ્ણમ**, ધો.૩ અ

દ્વિતીય : **જોષી આત્રયી**, ધો.૬ અ
તૃતીય : **વોરા ધ્રુવી**, ધો.૭ અ

**(૧૬) નંદાવ્રત સાથિયા (તા.૧૦-૯-૧૫)**

પ્રથમ : **શાહ જૈનમ કિન્નરભાઈ**, ધો.૮ અ (ધવલગિરિ)

દ્વિતીય : **શાહ વંશ ચન્દ્રકાન્તભાઈ**, ધો.૮ બ (ધવલગિરિ)
**શાહ કેવીન ગીરીશકુમાર**, ધો.૮ બ (ગંગોત્રી)

તૃતીય : **વોરા ધ્રુવી સુનીલભાઈ**, ધો.૭ બ (ગંગોત્રી)
**શાહ પૂજા અમીતભાઈ**, ધો.૭ અ (મેઘનાદ)

**(૧૭) તા.૧૨-૯-૧૫**

પર્યુષણ નિમિત્તે જૈન સ્તવન

રોટરી ક્લબ ઑફ પ્રહલાદનગર આયોજિત વક્તૃત્વ સ્પર્ધા પ્રથમ – **શાહ વાદન હિતેશભાઈ,** ધો.૭ અ

**(૧૮) તા.૧૫-૯-૧૫**

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ૧૨૫ મી જન્મજયંતી નિમિત્તે વક્તૃત્વ સ્પર્ધા**

યુ.ડી.સી. કક્ષાએ **તૃતીય – દોશી જાનવી પ્રિતેશભાઈ**, ધો.૮ અ

નિબંધલેખન – **શાહ કુંજ રાજેશભાઈ**, ધો.૮ અ

**(૧૯) ગણેશમૂર્તિ સ્પર્ધા (તા.૨૨-૯-૧૫)**

પ્રથમ : **કડિયા કિશન જિજ્ઞેશભાઈ,** ધો.૭ બ (ગંગોત્રી)

દ્વિતીય : **શેલાર આસ્થા યોગેશભાઈ,** ધો.૬ અ (રત્નદીપ) તૃતીય : **ત્રિવેદી દીપ હેતલકુમાર,** ધો.૮અ (ગંગોત્રી)

**(૨૦) તા.૧૭-૧૦-૧૫**

નવરાત્રિ નિમિત્તે શક્રાદય સ્તુતિપઠન – બેઠા ગરબા કરવામાં આવ્યા.

ચેસ – અન્ડર થર્ટી, શારદામંદિરનો વિદ્યાર્થી **કાયસ્થ વ્રજ (ધો.૬ અ)** ડિસ્ટ્રીક્ટમાં ૧૫મા ક્રમે આવ્યો.

**(૨૧) તોરણ સ્પર્ધા (તા.૨૯-૧૦-૧૫)**

પ્રથમ : **શાહ તનુજ રાકેશભાઈ,** ધો.૮ બ (ધવલગિરિ)

દ્વિતીય : **પ્રજાપતિ દેવકી ભરતભાઈ,** ધો.૫ બ (રત્નદીપ) તૃતીય : **વોરા ધ્રુવી સુનીલભાઈ,** ધો.૭ બ (ગંગોત્રી)

**(૨૨) આરતી સ્પર્ધા (તા.૨૯-૧૦-૧૫)**

પ્રથમ : **ચુડાસ્મા દ્વિજા પ્રવીણસિંહ,** ધો.૮ બ (રત્નદીપ)

દ્વિતીય : **ત્રિવેદી દિશા હેતલકુમાર,** ધો.૮ અ (ગંગોત્રી)

તૃતીય : **સોલંકી હર્ષિલ ચિરાગભાઈ,** ધો.૮ અ (મેઘનાદ)

**(૨૩) રંગોળી સ્પર્ધા (તા.૪-૧૧-૧૫)**

પ્રથમ : **શેલાર આસ્થા યોગેશભાઈ,** ધો.૬ અ (રત્નદીપ)

દ્વિતીય : **ચૌહાણ ખુશી પ્રિતેશકુમાર,** ધો.૮ અ (ગંગોત્રી)

તૃતીય : **શાહ તનુજ રાકેશભાઈ,** ધો.૮ બ (ધવલગિરિ) **ચૌહાણ મોનાલી રામસિંહ,** ધો.૭ બ (મેઘનાદ)

**(૨૪) દિવાળી કાર્ડ સ્પર્ધા (તા.૪-૧૧-૧૫)**

પ્રથમ : **ચુડાસ્મા દ્વિજા પ્રવીણસિંહ,** ધો.૮ બ (રત્નદીપ)

દ્વિતીય : **ત્રિવેદી દિશા હેતલકુમાર,** ધો.૮ અ (ગંગોત્રી) **વોરા ધ્રુવી સુનીલભાઈ,** ધો.૭ બ (ગંગોત્રી)

તૃતીય : **કાજીવાલા યુવરાજ વિજયભાઈ,** ધો.૫ અ (ગંગોત્રી)

## (૨૫) બેંક ની મુલાકાત (તા.૪-૧૨-૧૫ / તા.૭-૧૨-૧૫)

અંગ્રેજીના અભ્યાસક્રમ મુજબ, **શિક્ષક શ્રી અભિજ્ઞાબહેન દેસાઈ**ની સાથે વિદ્યાર્થીઓએ બેંક ઑફ ઈન્ડિયા (શારદામંદિર બ્રાન્ચ)ની મુલાકાત લીધી અને બેંકની કાર્યવાહીની માહિતી મેળવી. **(નોંધઃ આ મુલાકાતના અહેવાલનો આ અંકમાં સમાવેશ થયેલો છે)**

## (૨૬) શિક્ષકો માટે ટ્રેઈનીંગ (તા.૧૦-૧૨-૧૫)

શિક્ષાસેતુ અધ્યયન અને અધ્યાપન સંસ્થા તરફથી ટોરેન્ટ કંપનીના સહયોગથી શિક્ષકો માટે ટ્રેઈનીંગ યોજવામાં આવી.
**શ્રી દર્શાબહેન કિકાણી, શ્રી ચિત્રાબહેન, શ્રી નંદિનીબહેન.**

## (૨૭) સલાડ ડેકોરેશન સ્પર્ધા (તા.૨૩-૧૨-૧૫)

પ્રથમ : **શાહ ક્રિષ્ના, ધો.૭ બ (મેઘનાદ)**

દ્વિતીય : **શાહ તનુજ, ધો.૮ બ (ધવલગિરિ)**    **શાહ ક્રિયા, ધો.૬ બ (ગંગોત્રી)**

તૃતીય : **ચૌહાણ મોનાલી, ધો.૭ બ (મેઘનાદ)**    **ઝાલા પાર્થ રાજાસિંહ, ધો.૬ બ (રત્નદીપ)**
**જોષી હેત, ધો.૬ બ (ગંગોત્રી)**

## (૨૮) સુગમ સંગીત (તા.૨૯-૧૨-૧૫)

પ્રથમ : **શેલાર આસ્થા, ધો.૬ અ (રત્નદીપ)**

દ્વિતીય : **શાહ વિરતી, ધો.૫ અ (ગંગોત્રી)**

તૃતીય : **શાહ સપન, ધો.૮ અ (રત્નદીપ)**    **સુદ્રા ધારા, ધો.૭ બ (રત્નદીપ)**

## પ્રવૃત્તિઓ વિશે થોડું જાણીએ | યુવરાજ વ્યાસ, ધો.૮ ઈ । અંશ શાહ, ધો.૮ ઈ

### રંગોળી હરિફાઈ

રંગોળીના રંગ આનંદ અને ઉત્સાહનું પ્રતિબિંબ છે. તેથી દિવાળી જેવા તહેવારોમાં મહેમાનોના સ્વાગત માટે આંગણામાં રંગોળી પૂરાય છે. રંગોળી વિવિધ રીતે બનાવી શકાય છે. વિવિધ ડિઝાઈન, ઓઈલ-પેઈન્ટથી, કોરા રંગથી કરી શકાય છે. આ આપણા દેશની એક આગવી સંસ્કૃતિ છે અને કોરા રંગથી રંગ પૂરવા એ એક કલા છે. તેમાં ખૂબ ધીરજ અને ધ્યાનથી રંગ પૂરવા પડે છે. ડિઝાઈનને અનુરૂપ રંગોનું સંયોજન ધ્યાનમાં રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિની સમજ આપવા અને તેમની એકાગ્રતા વધારવા આપણી શાળામાં આ હરીફાઈ યોજવામાં આવે છે.

### સુગમસંગીત સ્પર્ધા

DJના જમાનામાં આજે આપણને ઘોંઘાટવાળા ગીતો જ સાંભળવા મળે છે, ત્યારે સુગમ સંગીતના ગીતો તેમને હારમોનિયમ અને તબલાની સંગત સાથે શાંત ગીતો કેવી રીતે ગવાય, તેની સમજ અમને સુગમ સંગીત સ્પર્ધા દ્વારા મળે છે. જે મનની શાંતિ માટે ખૂબ ઉપયોગી છે.

# Activities

**Education is never complete without co-curricular activities. Various co-curricular activities are organized during academic year. Some Inter House Competitions and many Celebrations are planned during the course of the academic year.**

## Mehndi Competition (25th July, 2015)

Mehndi is a very powerful medicinal herb. Application of Mehndi can prevent stress because it cools the body and keeps the nerves from becoming tense. To apply Mehndi on hand is a symbol of creativity which enhances imagination. All contestants applied beautiful Mehndi designs on other girls hands. The result of the competition : **First : Joshi Krinal**, Std. 8 (Palash), **Second : Kharate Shruti,** Std. 8 (Palash) and **Jadeja Karnavi**, Std. 9 (Kadamb) and Third : **Shah Chaitri**, Std. 8 (Amaltash), **Shah Hetanshi**, Std. 7 (Palash) and **Parmar Honey,** Std. 7 (Parijat)

## Essay Competition (12th September, 2015)

On occasion of 125th birth anniversary of Babasaheb Ambedkar, an essay competition was organized by District Education Officer at school level on 12th September. Subjects related to Babasaheb's life were given and medium of language is Gujarati. Winners are (1) **First UpadhyayYajsi Y.,** Std. 7, (2) **Second : Shah Nisarg N.,** Std. 9 and (3)**Third : Shah Hetanshi S.,** Std. 7.

## Aarti Thali Decoration (17th October, 2015)

Among many traditions that are infused into Indian Festival Celebration, 'Aarti' is one of them. During 'Navratri' Festival we use Aarti Thali to worship 'Goddess Amba'. To decorate Aarti Thali is an art. Winners were (1) **First : Jadeja Karnavi** I., Std. 9 (Kadamb), (2) **Second : Vadecha Yashvi P.,** Std. 9 (Palash), and **Shah Dhruvi M.,** Std. 7 (Parijat) (3) **Third : Shah Pratik G.,** std. 9 (Parijat), **Balat Maytri U.,** Std. 7 (Parijat) and **Rami Zubin M.,** Std. 9 (Amaltas)

## Rangoli Competition (4th November, 2015)

Diwali would be incomplete without the traditional Rangoli to welcome guests – both divine and human. A rangoli design is created at the entrance of the house. Patterns are usually made using dry colored powder, crushed lime stones, oil paint colours etc. Neat and clean Rangoli designs and superb colour combinations won the competition. (1) **First : Shah Krishi V.**, Std. 9 (Amaltas) and **UpadhyayYajsi Y.**, Std. 7 (Amaltas) (2) **Second : KharateShruti S.**, Std. 8 (Palash), **VadechaYashvi P.,** Std. 9 (Palash) and **Jadeja Karnavi I.,** Std. 9 (Kadamb) **Third : Shah Parv V.,** Std. 9 (Amaltas), **Rami Zubin M.,** Std. 9 (Amaltas), **Parmar Honey U.,** Std. 7 (Parijat), **Vyas Yuvraj G.,** Std. 8 (Kadamb) and **Amin Achal D.,** Std. 8 (Kadamb)

## 8th inter-school Elocution competition

On 12-9-15 Primary school students took part in 8th inter-school Elocution competition, organised by Rotary Club, at GCCI auditorium. Subjects were based on 'swachhataabhiyan.'

First : **Vyas Yuvraj G.,** Std. 8 (Subject: Love thy neighbours), Second : **Acharya Jayshree,** std. 8 ( Subject : Cleanliness Third : **Vyas Yashvi U.**, std. 8 (Subject: સ્વચ્છતા અભિયાન (in Gujarati))

## Navneet Master Stroke Drawing Competition

Navneet Publications registered our school for drawing competition in month of July. Drawings were collected from students in September and winners were declared in October. In **Group B**, First prize was recieved by **Gandhi Hiya Hirenbha**i (Std. 5 E), **Shah Krisha Chiragbhai**, (Std. 6 e) received Second prize. In Group C **Bhatt Jay Hemangbhai** ( std. 7 e) received First prize.

## Congratulations!

### Camel Art contest : Primary level 2015 (Students got certificate and medal)

'Camlin' enrolled students for drawing competition. The subjects given were related to Environment. Drawings were collected from students in September and winners were declared before Diwali. **Shah Yash M.** was given first prize and **Barot Nihar P.** was given second prize in Group D. In Group E, Gandhi Meet won first prize and Mehta Stuti S. received second prize.

### Elocution competition on 15-9-2015

On 15-9-2015 occasion of 125th birth anniversary of Babasaheb Ambedkar, an Elocution competition was organised by District Educational Officer. Shah Ansh A. of std. 8 stood first at Q.D.C. level and Nisarg Nilay Shah (std.) got cash prize of Rs.100/- getting Third rank in competition of essay writing at Q.D.C. level.

An essay competition was organised by District Educational Officer, on occasion of 125th birth anniversary of Babasaheb Ambedkar, Yajsi Y. Upadhyay (std.7 Modern) stood first at Q.D.C. level, district level and state level. She got cash prize of Rs.501/-

### Maths - Science Exhibition 2015

Maths - Science Exhibition 2015, was organised on 29-9-2015 by District Educational Officer at Sahajanand School. Students of Modern high school presented live experiments. First prize was given to Kataria Meet (Std.9) and Doshi Mansukh (Std.9) for their presentation on “Transformation of Kinetic Energy into Electric Energy.” Second prize was received by Manav Shah and Achal Amin (Std ) on “Use of Solar Energy in NetHouse for irrigation purpose.

**REPORT OF 18th and 19th December 2015 : Celebration of chorus 2015**

**‘Chorus means simultaneous utterance.' When students, teachers and parents work simultaneously, the result is success. Chorus-2015 proved it. It was a combination of project work, class decoration and science-maths exhibition.**

**EXHIBITION OF STUDENTS PROJECT WORK** during year

- CLASS DECORATION COMPETITION according to the theme given. Themes given were: 1. Village (Amaltas) 2. Indian Traditions (Parijat) 3. Fair (Palash) 4. Christmas (Kadamb)
- Along with these, students displayed live science experiments like Hydraulic crane, hydraulic bridge, elevator, maglev train etc.,, biological charts, models of heart and kidney are very informative. Experiment of purification and reuse of wasted water of R.O. water plant is very useful.
- All students explained experiments thoroughly well to the parents and others. All visitors admired the exhibition a lot and gave their review and suggestions.
- The experiment using Solenoid covering on aluminium rod and rod converted in magnet it produced magnetic field. The magnetic field attracted the iron wheel and it could easily move on track. This experiment was admired very much. It was very simple and yet very useful.

### વાલી પ્રતિભાવ

The ideas that are implemented by the students can be utilized in every field to conserve electricity & generate energy. If our community will utilize all these ideas of young minds, there is a great opportunity for our country to become a developed nation soon…

Students have really worked hard and utilized many waste material of household garbage to make projects. They have not used any ready-made science materials. Artwork of students is also to be appreciated a lot.

Hats off to Students and Teachers for hard work!!!

**(પ્રતિભાવપોથીમાંથી)**

## અહેવાલ



### સ્થાપના દિન - શ્રાવણ સુદ સાતમ

તા. ૨૨-૮-૧૫ના રોજ શાળાનો ૯૨મો સ્થાપના દિન ખૂબ ધામધૂમ અને ઉત્સાહપૂર્વક ઉજવાયો. મા સરસ્વતિની સ્તુતિથી કાર્યક્રમની શરૂઆત થઈ. ત્યારબાદ બાળકો દ્વારા બનાવેલા બાળરથને, પરંપરાગત રીતે 'આવે પેલો બાળરથી...' ગીત સાથે મહાલ્યો. બાળરથ પર ઉભેલા બાળરથીઓનું પૂજન મહેમાનો દ્વારા કરવામાં આવ્યું. પહેલા રથનું પૂજન શ્રી આરતીબહેન શાહે કર્યું, બીજા રથનું પૂજન શ્રી અમરભાઈ ભટ્ટે કર્યું અને ત્રીજા રથનું પૂજન શ્રી સૂર્યકાન્તભાઈ પટેલે કર્યું. ત્યારબાદ ધોરણ ત્રણ, ચાર અને પાંચના તમામ વિદ્યાર્થીઓએ રંગબેરંગી ફુગ્ગા ઉડાડ્યા અને ધજા સાથે કૂચ કરી. વ્હિસલ દ્વારા સિગ્નલ મળતાં, જેમના હાથમાં ફુગ્ગા હતા, તેમણે તે છોડી દેતા, આકાશ રંગબેરંગી ફુગ્ગાઓથી ભરાઈ ગયું. બાળકોની કૂચનું ગીત હતું, 'ચલો ચલો ચલો... શારદમાના બાળ...'. ત્યારબાદ વિનયમંદિરની વિદ્યાર્થિનીઓએ ગરબો, 'એવા આવે છે શારદાના સાદ રે...' રજૂ કર્યો. ત્યારબાદ મહેમાન શ્રી આરતીબહેન શાહે વક્તવ્ય આપ્યું. શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થિની શ્રી આરતીબહેન, શ્રી ચિમનભાઈ પટેલ કૉલેજના ડિરેક્ટર છે. તેમણે પોતાને શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થિની તરીકે ઓળખાવાનું વધારે પસંદ કર્યું. તેમણે તેમના વક્તવ્યમાં કહ્યું, કે જ્યારે પણ તેઓ શાળા પાસેથી પસાર થતા હતા, ત્યારે તેમને શાળામાં આવવાનું મન થતું હતું, અને એટલે જ તેમણે શ્રી વિજયભાઈ રાવલના આમંત્રણને સહર્ષ સ્વીકારી લીધું. ઉપસ્થિત વાલીઓને સંબોધન કરતાં તેમણે ખૂબ વિશ્વાસ સાથે કહ્યું કે તમે તમારા બાળકોને નિશ્ચિતપણે શારદામંદિરમાં ભણાવો. આ શાળાની માટીમાં એવું સત્ત્વ છે કે અહીંથી બહાર નીકળેલો વિદ્યાર્થી અવશ્ય સફળ થાય છે. ત્યારબાદ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી અમર ભટ્ટ, જેઓ વ્યવસાયે એડવોકેટ અને ખૂબ જાણીતા ઉત્તમ સંગીતકાર છે, તેમણે તેમના વક્તવ્યમાં શાળાના જૂના સંસ્મરણો તાજા કર્યા અને તેમાંનું એક વાક્ય હતું કે શારદામંદિરની 'પ્રોડક્ટ' કદી 'ફેઈલ' ના જાય. તે પછી શારદામંદિરના ટ્રસ્ટીગણના સેક્રેટરી શ્રી ઉદયનભાઈ શાહે આશીર્વચન આપતા કહ્યું કે જે શાળાનો મંત્ર 'મુશ્કેલી માતકી જય' હોય, તે શાળાના વિદ્યાર્થીઓ જીવનમાં અચૂક સફળ થાય છે. ડૉ. શ્રી સૂર્યકાન્તભાઈ પટેલ આ અવસર પર નાના બાળકોને જોઈને ખૂબ લાગણીવશ થઈ ગયા અને આંખમાં આંસુ સાથે તેમણે વિદ્યાર્થીઓને આશીર્વાદ આપ્યા. શાળાના ભૂતપૂર્વ કો-ઑર્ડિનેટર શ્રી ઉર્મિલાબહેન શાહ, જેમનો ઈતર પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવામાં અમૂલ્ય ફાળો રહ્યો છે, તેમણે શાળાને જ્યારે પણ જરૂર હોય, ત્યારે મદદ કરવાની તૈયારી બતાવી. ત્યારબાદ શ્રી વિજયભાઈ રાવલે શારદામંદિર પરિવાર તરફથી ઉપસ્થિત દરેક મહેમાનો, વાલીઓ અને શિક્ષકમિત્રો તેમજ વિદ્યાર્થીઓનો આભાર માન્યો. દરેક વિદ્યાર્થી તથા વાલીને પ્રસાદ આપવામાં આવ્યો.





**અહેવાલ**

## **બેંકની મુલાકાત :** બેંક ઑફ ઈન્ડિયા, શારદામંદિર બ્રાન્ચ

સહયોગઃ **મેનેજર શ્રી શ્વેતાંગભાઈ ત્રિવેદી તથા સ્ટાફ.**

શિક્ષકઃ **શ્રી અભિજ્ઞાબહેન દેસાઈ**

મુલાકાતીઓઃ **તા.૪-૧૨-૧૫, ધો.૭ બ,ના ૩૨ વિદ્યાર્થી ભાઈ-બહેનો**
**તા.૭-૧૨-૧૫, ધો.૭ અ,ના ૩૩ વિદ્યાર્થી ભાઈ-બહેનો**

સમયઃ **સવારે ૧૧.૩૦ થી ૧૨.૧૫**

તા.૪-૧૨ અને તા.૭-૧૨ના રોજ, ધો.૭ અ અને ધો.૭ બના વિદ્યાર્થીઓને બેંક મેનેજર શ્રી શ્વેતાંગભાઈ ત્રિવેદીએ આવકાર્યા અને વિદ્યાર્થીઓને – બેંક એટલે શું? બેંક આપણને કઈ રીતે ઉપયોગી છે? બેંકમાં ખાતું શા માટે ખોલાવવું જોઈએ? ખાતું ખોલાવવા માટે કયા કયા પુરાવા જોઈએ? ખાતું ખોલાવવા માટે કેવું ફોર્મ ભરવું પડે? તે અંગે વિગતવાર માહિતી આપી અને ખાતામાં રકમ ભરવા માટે તથા રકમ ઉપાડવા માટેની સ્લીપ બતાવી હતી. પાસબુક અંગે અને તે પાસબુક મશીનમાં એન્ટ્રી કરાવવા માટે બારકોડ નંબર અંગે સમજ આપી હતી. એટીએમ મશીનમાંથી રૂપિયા ઉપાડીને તેની કાર્યવાહી સમજાવી હતી.

તે પછી વિદ્યાર્થીઓને બેંકનું લોકર બતાવ્યું હતું અને લોકરનું ખાતું ખોલવા માટે બેંકની માસ્ટર-કી લગાવ્યા બાદ, બેંકે આપેલી ગ્રાહકની નંબરવાળી ચાવી લગાવવી પડે અને પછી જ બેંકનું લોકર ખુલે, તે બતાવ્યું. ચોરીનો ભય ન રહે, તે માટે બહેનો ઘરેથી તૈયાર થઈ, લોકરમાંથી દાગીના કાઢીને ટ્રાયલ-રૂમમાં પહેરીને જઈ શકે, તે અંગે પણ માહિતી આપી. લોકરનું વાર્ષિક ભાડું લોકરના ખાનાના પ્રકાર પ્રમાણે ચૂકવવું પડતું હોય છે, તેમજ દરેક પ્રકારના લોકરની ઉપયોગીતા પણ સમજાવી. લોકરનું ખાનું ખોલવા માટે જે કાર્યવાહી કરવી પડે, તે પણ સમજાવ્યું. તે માટેના જરૂરી પુરાવા લાવવા માહિતી આપી.

બેંક બંધ થાય ત્યારે લોકરવાળો આ સ્ટ્રોન્ગરૂમ બંધ કરવા માટે ટાઈમર મૂકવામાં આવે છે અને સ્ટ્રોંગરૂમ બંધ કરતાં પહેલાં કોઈ તેમાં રહી ન જાય તેની તકેદારી રાખવામાં આવે છે, જેથી લોકરમાં ચોરીનો ભય રહે નહીં અને કોઈપણ વ્યક્તિ સ્ટ્રોંગરૂમમાં બંધ થઈ જાય નહીં. કારણકે બીજે દિવસે જ્યારે બેંક ખુલે, ત્યારે ટાઈમરના સેટિંગ પ્રમાણે નિયત સમય પહેલાં સ્ટ્રોંગરૂમ ખુલી ન શકે.

બેંકની માહિતી આપ્યા બાદ બેંકના સ્ટાફે વિદ્યાર્થીઓને બોલપેન અને ચોકલેટ આપી હતી.

અંગ્રેજી વિષયમાં બેંકની માહિતી તથા ખાતું ખોલાવવા માટેનું ફોર્મ અભ્યાસક્રમમાં આવતું હોવાથી વિદ્યાર્થીઓ બેંકની માહિતી રૂબરૂ મુલાકાત લઈ મેળવતાં ખૂબ ખુશ થઈ ગયાં હતાં. શિક્ષિકાબહેન અને વિદ્યાર્થીઓએ બેંકના મેનેજરનો તે માટે ખૂબ ખૂબ આભાર માન્યો હતો.

**નોંધઃ બેંક તરફથી વિદ્યાર્થીઓને ૦ (ઝીરો) બેલેન્સે ખાતું ખોલી આપવાની ઑફર પણ મળી છે.**

## અભિનંદન!

**યજસી ઉપાધ્યાય (ધો.૭ ઈ)** ડિસ્ટ્રીક્ટ એજ્યુકેશન ઓફિસ દ્વારા આયોજિત નિબંધ સ્પર્ધામાં પ્રથમ વિજેતા જાહેર થઈ હતી.

રોટરી ક્લબ ઓફ પ્રહલાદનગર આયોજિત વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમસ્થાન મેળવનાર **શાહ વાદન હિતેશભાઈનું (ધો. ૭ અ)** વક્તવ્ય ઘણું વખણાયું હતું.

**ઈતિહાસનું એક પાનું — શારદામંદિર આર્કાઈવ્ઝમાંથી**

# ક્રમેક્રમે ઉત્તરોત્તર શારદામંદિરની પ્રગતિની ગાથા... ઓક્ટોબર, ૧૯૫૦

૧૯૪૭-૪૮ના પ્રાસ્તાવિકમાં અમે જણાવ્યું હતું કે 'આપણેત્યાં ચાર ધોરણને બદલે પ્રાથમિક સાત ધોરણની વ્યવસ્થા હોય તો સારું,' એવો ઘણાં વાલીઓનો કેટલાંય વરસોથી આગ્રહ હતો અને તેમની ઈચ્છાને માન આપી ૧૯૪૭માં અખતરા તરીકે અમે તે સાલમાં ગુજરાતી પાંચમું ધોરણ શરૂ કર્યું હતું. એ જ શુભ સંકલ્પના બળથી ક્રમેક્રમે ઉત્તરોત્તર ગુજરાતી સાત ધોરણ સુધીમાં ૫૩૫ બાળકો સંસ્થાનો લાભ લઈ રહ્યાં છે. ગુજરાતી ચોથા ધોરણમાં બે વર્ગમાં ૭૫ થી ૮૦ બાળકો અહીં હોય છે. વાર્ષિક પરીક્ષા પૂરી થતાં એ તમામ બાળકોને પોતાનો અભ્યાસ અહીં જ ચાલુ રાખવાનું ઘણું મન હોય છે; પરંતુ પાંચમા તથા સાતમા વર્ગ માટે ફક્ત એક જ વર્ગ થઈ શકે તેવી સગવડ મુશીબતે ઊતરતી હોય છે, એટલે ચોથા ધોરણમાંથી પસાર થતાં તમામ બાળકોને અમે જગ્યાના અભાવે સમાવી શકતા નથી. આથી ૮૦ બાળકોમાંથી ૩૫ કે ૪૦ ને પાંચમા ધોરણ માટે પસંદગી આપવાનું કાર્ય બહુ જ મુશ્કેલ બને છે. જગ્યાની આ તંગીને કારણે અમારે ઘણાં બાળકોને જતાં કરવાં પડે છે ત્યારે અમારું દિલ દ્રવી ઉઠે છે. સંસ્થાનું પોતાનું મકાન આવતા વર્ષમાં શરૂ થશે ત્યારે કેટલીક મુશ્કેલીઓ ટળશે એમ લાગે છે. ત્યાં સુધી તો આ અકળામણમાં જ ચલાવી લેવા સિવાય બીજો માર્ગ દેખાતો નથી.


બાળકોનું સંગીન ભણતર, તેમના ઉપર રહેતી સતત દેખરેખ, તેમનાં ચારિત્ર્ય-ઘડતરની ચોકસાઈ, તેમની ટેવો સુધારવા તેમના ઘર સુધી પહોંચતું શાળાનું વાતાવરણ અને તેની પાછળ રહેલી તે બાબતની તમન્ના — આ અને આવી શૈક્ષણિક અને કેળવણી વિષયક મહેનતથી સંસ્થા એટલી હદે લોકપ્રિય બની છે, કે જો તેની પાસે પૂરતી જગ્યા હોત, તો ઘડીકમાં ૧૦૦૦ બાળકો સંસ્થાનો લાભ લેતાં થઈ ગયાં હોત.

પચીસ વર્ષના લાંબા ગાળામાં સંસ્થાના ઉત્કર્ષ માટે કેટલીય વ્યક્તિઓએ પોતાની શક્તિ અનુસાર ફાળો આપ્યો છે, એ સૌની સેવાઓનાં સ્મરણો તાજાં થાય છે. કોનો ઉલ્લેખ કરવો અને કોનો ન કરવો — કોઈએ તનથી, કોઈએ મનથી અને કોઈએ ધનથી; વળી કેટલાંકે ત્રિવિધ રીતે પણ સંસ્થાને ચરણે સેવાઓ આપી છે. આ સૌનો અંતરથી આભાર માની છીએ. સંસ્થાનું સુકાન સુવ્યવસ્થિત, સુનિયંત્રિત અને સહૃદયતાથી સાચવનાર સંસ્થાની કાર્યવાહક સમિતિના પ્રમુખોની નામાવલિ આ રહીઃ

| | | |
|---|---|---|
| શ્રી ભોગીલાલ ઠાકર | શ્રી વિદ્યાબેન નીલકંઠ | માનનીય માવલંકરદાદા |
| ડૉ. સુમન્ત મહેતા | શ્રી રતિલાલ નાથાભાઈ | શ્રી નવનીતભાઈ શોધન |
| | શ્રી ઠાકોરલાલ મુનશા | |

કાર્યવાહક સમિતિના પ્રમુખોની સાથે સાથે તેના સભ્યોએ ખભેખભા મિલાવીને સંસ્થાનો અવિરત ઉત્કર્ષ સાધ્યો છે, તે બધાંનો આભાર માનીએ છીએ.

**(વજુભાઈ દવે અને મંત્રીઓ, ઓક્ટોબર ૧૯૫૦)**


શારદામંદિરના વિદ્યાર્થીઓ નિક્ષિપ્ત અને તેજસ રાવલે અવકાશયાત્રા હસ્ત લિખિત અંક બનાવ્યો તે પ્રસંગે અવકાશયાત્રી શ્રી રાકેશ શર્મા અને સાથીદાર શ્રી રવિશ મલ્હોત્રાએ શારદામંદિરને પાઠવેલી શુભેચ્છા.......

We wish the students and staff of Sharda Mandir success in all their endeavours. May each one of them reach new heights and bring glory not only to themselves but also to the country as a whole!

શારદામંદિરના વિદ્યાર્થીઓની યશગાથા...



## મારા સંસ્મરણો : રાજીવ વસ્તુપાલ

હું શારદામંદિર શાળામાં ધોરણ ૫ થી આવ્યો. શારદામંદિર મારા ઘરની ખૂબજ નજીક હોવાથી મને શાળાનો પહેલો બેલ વાગે, તે સંભળાતો અને બીજો બેલ વાગે તે પહેલાં તો હું પૂરઝડપે સાઇકલ ચલાવીને શાળાએ પહોંચી જતો!

શારદામંદિર એટલે મારું બીજું ઘર. શાળાએ અમને સંસ્કાર, શિસ્ત અને સભ્યતા શીખવાડ્યા છે. શ્રી દિનુભાઈ દવેથી માંડીને અમારા સમયના દરેક શિક્ષકોએ અમારામાં જ્ઞાન અને સંસ્કારનું સિંચન કર્યું છે. મને વોલીબોલ, ફૂટબોલ, ફોટોગ્રાફી અને પ્રવાસનો ખૂબજ શોખ – જે શાળાએ જગાડેલો છે. તે ઉપરાંત અમને મળેલું ગણિત, ગુજરાતી, અંગ્રેજી અને હિન્દીનું પાયાનું શિક્ષણ, આજની સ્થિતિમાં ઘણુંજ ફાયદાકારક છે.

મને યાદ છે કે અમે વિદ્યાર્થીઓએ સ્કુલ-મેનેજમેન્ટને ઘણીવાર રજૂઆતો કરેલી કે અમારો યુનિફોર્મ હાફપેન્ટની જગ્યાએ ફૂલપેન્ટ કરે, પણ અમને મંજૂરી નહતી મળી, જેના માટે એક દિવસ નક્કી કરીને અમે હડતાળ પાડેલી અને મારું ઘર નજીક હોવાથી બધાં વિદ્યાર્થીઓ મારા ઘરે ભેગાં થયાં હતાં. તેથી મારે માફીપત્ર લખી આપવો પડ્યો હતો! જોકે પછીથી શાળાના મેનેજમેન્ટે અમારી ફૂલપેન્ટ યુનિફોર્મની રજૂઆતને મંજૂરી આપી હતી.

શારદામંદિર મારી અતિપ્રિય સંસ્થા છે, જેમાં અમને અમારા શિક્ષકો માટે ભરપૂર માન હતું અને આજે પણ છે. અમને અમારા શિક્ષકો તરફથી ખૂબજ પ્રેમ મળેલો છે. હું શારદામંદિરને કદી વિસરી નહીં શકું.

આપણી શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી રાજીવ વસ્તુપાલ, હાલ રાજીવ પેટ્રોકેમિકલ્સ પ્રાઈવેટ લિ.ના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર છે તેમજ ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની (FICCI) ગુજરાત સ્ટેટ કાઉન્સિલના ચેરમેન પણ છે. તે ઉપરાંત તેઓ ભારતની અનેક પ્રખ્યાત સંસ્થાઓમાં પ્રમુખ, સંસ્થાપક વગેરે રહી ચૂકેલા છે. તાજેતરમાં તેઓ ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઑફ મેનેજમેન્ટ, ઉદેપુર (IIM-U)ના બૉર્ડ ઑફ ગવર્નર્સના પ્રતિષ્ઠિત હોદ્દા પર જોડાયા છે. ભાઈ રાજીવને ખૂબ શુભેચ્છાઓ.

પ્રકાશકઃ શારદામંદિર ટ્રસ્ટ, નવા શારદામંદિર રોડ,
અમદાવાદ–૩૮૦૦૦૭.
ફોનઃ +91-79-26600242; ઈમેલઃ
shardamandir1924@gmail.com
વેબસાઈટ: www.sharadamandir.com
'શારદ'નો આ (રંગીન) અંક શાળાની વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે.





બાલમંદિરમાં બાળકો દ્વારા નાતાલની ઉજવણી





પોલિસ અધિકારી દ્વારા ટ્રાફિક અંગે સમજ વિશે કાર્યક્રમ





ટોરન્ટ દ્વારા શિક્ષકોને માર્ગદર્શન









વિજ્ઞાન મેળામાં પ્રયોગની સમજ આપતા મોડર્ન હાઇસ્કૂલના બાળકો


પ્રકાશક

શારદામંદિર

નવા શારદામંદિર રોડ

અમદાવાદ-૩૮૦૦૦૭

ફોન :+91-79-26600242

shardamandir1924gmail.com

www.sharadamandir.com